## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા લોકડાઉનની પરિસ્થિતિમાં ખેડૂતોને માર્ગદર્શન હેતુ ટેલીકોન્ફરન્સ યોજાઇ

COVID-19 ની લોકડોઉનની પરિસ્થિતિમાં ખેડૂતોને અનેક પ્રશ્નો સતાવતા હોય ત્યારે તેમનાપ્રશ્નોનું નિરાકરણ કરવા માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ દ્વારા આણંદ જીલ્લાના ખેડૂતો સાથે કૃષિ અને પશુપાલન વિષે ટેલીકોન્ફરન્સ દ્વારા માહિતીની આપલે કરવામાં આવી. આ ટેલીકોન્ફરન્સ માં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડો. જી.જી. પટેલ તેમજ પશુપાલનના વૈજ્ઞાનિક ડો શ્રીકાંત બી. કાટોલે અને એગ્રોનોમીના વૈજ્ઞાનિક ડો. વાય. સી. લકુમ દ્વારા ખેડૂતોને માર્ગદર્શન આપી તેમના પ્રશ્નોનું નિરાકરણ કર્યું. આ ટેલીકોન્ફરન્સ માટે રિલાયન્સ ફાઉન્ડેશનના રેનીષભાઈ ભરૂચવાલાએ આણંદ જિલ્લાના અલગ-અલગ ગામડાઓના ૭૫ જેટલા ખેડૂતોને ટેલીકોન્ફરન્સથી એકસાથે જોડી માહિતી અને માર્ગદર્શન આપવામાં સહકાર્ય કરી સંકલન કર્યું. પ્રથમ વક્તવ્યમાં પશુપાલન વૈજ્ઞાનિક ડો. શ્રીકાંત કાટોલે દ્વારા પશુઓમાં ઉનાળુ ઋતુમાં કાળજી લેવા વિશે વિસ્તૃતમાં ચર્ચા કરી એના પછી તેઓએ ખેડૂતોને જણાવ્યું કે પશુ આહારમાં ઉનાળામાં કઈ કઈ જાતનો પશુ આહાર ઘટકો નો ઉપયોગ કરવાનું તેમજ તાપમાન વધી જાય તો પશુઓનું દુધ ઉત્પાદન કેવી રીતે જાળવી રાખવું તેની ચર્ચા કરી. ડો. કાટોલેએ વાત કરી કે પશુઓમાં સપ્લિમેન્ટ નું ખૂબ જ અગત્યનું સ્થાન છે તે માટે મિનરલ મિક્ચર તેમજ વિટામિન મિક્ચર, બાયોટીન, ક્રોમિયમ અને સેલેનિયમ વિગેરેનું સપ્લિમેન્ટ કરવાનું અગત્યનું છે જેથી પશુઓની રોગ પ્રતિકાર શક્તિ અને તેમજ તંદુરસ્તી જાળવાઇ રહે છે. તેઓએ જણાયું કે આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત કૃષિ ગોવિદ્યા મેગેઝિનનુ લવાજમ ભરી તે મંગાવી, તેમાં છાપેલ લેખ નું વાંચન કરવાની સલાહ આપી. ત્યાર પછી એગ્રોનોમી ના વૈજ્ઞાનિક ડો. વાય. સી. લકુમે ઉનાળુ પાકોની ખેતી પદ્ધતિની અને વધુ ઉત્પાદન મેળવવા ના અગત્ય ના મુદ્દાઓ વિશે વિસ્તૃતમાં ચર્ચા કરી વધુમાં ખેડૂતોને સંકલિત રોગ અને જીવાંત નિયંત્રણ વિષે પણ માહિતી આપી અને સૌને આ વિકટ પરિસ્થિતિમાં સજાગ રહીને સાવચેતીપૂર્વક ખેતર ની કામગીરી કરાવવા અને પોતાની જાતને સુરક્ષિત રહેવા જણાવેલ. ત્યાર બાદ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દેવાતજ ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. જી.જી. પટેલે કોરોના ના સંકમણ અટકાવવા માટે શું પગલાં લેવા તેના વિશે ચર્ચા કરી, ખેડૂત ભાઈઓને જણાવવાનું કે આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરી પોતાના મોબાઈલમાં ઇન્સ્ટોલ કરવી જેથી આપણે નજીકમાં કોઈ કોરોના નો દર્દી હોય તો આપણને તેની જાણકારી મળી રહે. વધુમાં કિસાન રથ એપ્લિકેશન નો ઉપયોગ તેમજ એગ્રી મિડિયા એપ્લિકેશનના ઉપયોગની સમજ આપી અને તેમના ફાર્મ ઉત્પાદનોના વેચાણ માટે આ લોકડાઉનના સમય દરમ્યાન તેનો ઉપયોગ કરવા જણાવ્યુ તેમજ કામગીરી દરમ્યાન સાવચેતી રાખવાની સલાહ આપી. ત્યાર પછી ખેડૂતોના મુંઝવતાં પ્રશ્નોનું કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા નિરાકરણ કરવામાં આવ્યું આણંદ જિલ્લાના જુદા જુદા વિસ્તારના ૭૫ ખેડૂતોને આ ટેલીકોન્ફરન્સ માં ભાગ લઇ સફળ બનાવી તે માટે કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા અને વૈજ્ઞાનિકો દ્વારા સૌનો આભાર માનવામાં આવ્યો.



